## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

'મલાઇ' ખાવાનો સંદેશ અમને પણ ભાવે છે,
બે નંબરી નાણું અને 'કરચોરી' પણ ફાવે છે,
સતાવે નિર્દોષ ગોપીઓને અહીં પણ કાનુડા -
ને યુધ્ધમાં અમને પણ મંત્રણા યાદ આવે છે..
(શ્રી કૃષ્ણ સંદેશ)

### હાઈકુ

દેશી દિકરી,
ફસાય 'ફોરેન' માં -
રડે ચોધાર..
(ચોંકાવનારા આંકડા)

સત્તા માં ગાંડા,
પછી ફટે છે ભાંડા -
ફરાર 'કાંડા'
(સરકારી ગુંડા)

### ચિંતન

**દધાત્સાધુર્યદિ નિજપદે દુર્જનાય પ્રવેશં તન્નાશાય પ્રભવતિ તતો વાંછમાનઃ સ્વયં સઃ ।**
**તસ્માદ્યો વિપુલ મતિભિર્નાવ કાશોઅધ માનાં જારો અપિ સ્યાદ્ ગૃહપતિરિતિ શ્રૂયતે વાક્યોતોઅત્ર ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :

સજ્જન-બુધ્ધિશાળી વ્યક્તિ એ પોતાના ક્ષેત્ર-વિસ્તાર-પદ-સત્તામાં કોઇ પણ દુર્જનને પ્રવેશ કરવા દેવો જોઇએ નહીં જો તેને પોતાના ક્ષેત્રમાં પ્રવેશ આપવામાં આવે તો એ દુર્જન જ મનમાં એવો સંકલ્પ કરે છે હું જ આ સ્થાને હોઉં, પચાવી પાડું, અને પ્રવેશ આપનાર સજ્જનનો કેમ નાશ-વિનાશ કરું! એ માટેના વિચાર અને આયોજન-પ્રવૃત્તિઓ શરૂ કરે છે. માટે બુધ્ધિશાળી સજ્જને અધમ-દુષ્ટ માણસોને પોતાના ધંધામાં-વિસ્તારમાં પ્રવેશ આપવો જોઇએ નહીં. આવો અધમ-દુષ્ટ પુરૂષ જે જારવૃત્તિ ધરાવતો હોય તે એકવાર ઘરમાં પ્રવેશ મેળવી લે પછી જાતે જ ઘર ધણી થઇ સજ્જનની પત્નીનો કબજો મેળવી લઇ સજ્જનને રખડતો કરી દે છે.'

આ વાત રાજકારણમાં આંગળી પકડનાર વેપારમાં સહાય કરનાર, ધંધાની ટેકનીક શિખવનાર, અને નોકરીમાં ચાર્જ સંભાળનાર બધાને લાગુ પડે છે.

ધંધાની આવડત આવી જાય પછી એને ગુરૂ બની શિખવનાર સામે જ સ્પર્ધા કરી તેને પછાડવાના પ્રયત્નો કરે છે.

### સુવિચાર

- વેર રૂપી વાનગી હંમેશા ઠંડી પડે પછી જ આરોગો - **રોમાં રોલાં**
- જ્યાં સુધી તમને માર્ગ સ્પષ્ટ દેખાય છે ત્યાં સુધી તો જાવ! ત્યાં પહોંચશો પછી આગળનો માર્ગ પણ દેખાશે - **રોબર્ટ જોન્સન**
- પાપ કદી પાપીને નિરાંતે ઉંઘવા દેતું નથી - **પ્રેમચંદજી**
- દાંપત્યની ઇમારત તો વિશ્વાસ અને ભરોસાની એવી ઉમદા માટીથી ચણાવી જોઇએ કે પછી ભલેને વહેમ સાગરના ઝંઝાવતી મોજાં ઉમટે, શંકાના પ્રચંડ વાવાઝોડાં વિંઝાય, માફતોની આંધી આવે અને જીવનને જમીન દોસ્ત કરવા મથે, તો પણ પ્રેમની એ પવિત્ર ઇમારતને ઊની આંચ પણ ન આવે - **શરદ બાબુ**
- જેની પાસે કંઇ જ કામ નથી તેને માટે શાંત બેસી રહેવું ખુબ જ મુશ્કેલ છે - **શોપનહેર**
- કોઇની મહેરબાનીની માગીને તમે તમારા અધિકાર ગિરવે ન મૂકો - **હેરિક**
- પ્રેમીઓની 'આહો' અને દુષ્ટોની 'કરાહો' ઉત્પન્ન કરનારી, સ્વપ્રીલ, સપ્તરંગી ચીજ છે સ્ત્રી - **ફ્લેમિંગ**

### બોધ કથા

**આપણને ક્રોધ-ગુસ્સા અને આવેશનો ઉશ્કેરાટ આવે છે તેનું કારણ આપણા નકારાત્મક વિચાર છે કોઇ પણ બનાવને 'હકારાત્મક' રીતે લેવાથી ગુસ્સો આવતો નથી.**

**અબુ ઉસમાન મહાન સંત હતા. સ્વભાવે સરળ અને શાંત મગજનાં હતા. ક્રોધ તો કદી તેમની નજીક પણ આવતો નહીં. એકવાર તો એમના ત્રણ-ચાર શિષ્યો સાથે બજારમાંથી પસાર થતા હતા. ત્યાં ઉપરની મેડીમાંથી કોઇ બાઇએ - રાખ (ભસ્મ) જોયા વિના નીચે રસ્તા પર નાખી. બધી રાખ સંત ઉસમાન માથે જ પડી.**

**બજારમાં શોપો પડી ગયો. શિષ્યો ઉશ્કેરાઇ ગયા. નીચેથી પેલી બાઇને અપશબ્દો બોલી નીચે આવી સંતની માફી માંગવા કહેવા લાગ્યા.**

**સંત ઉસમાને બધાને શાંત પાડતાં કહ્યું, આમ આટલો બધો ગુસ્સો કરવાનું કારણ શું છે? મારા મસ્તકમાં એવો કોઇ દુષ્વિચાર આવી ગયો હશે. જેના પર ખૂદા અગ્નિ નાખે તો પણ વાંધો નહીં. પણ ખૂદાની ખેર કે પેલી બાઇએ સળગતા અંગારાને બદલે માત્ર ખાખ-રાખ જ નાખી! બાકી મારું માથું તો અંગારાને લાયક જ હતું.**

# પોતાના સૌંદર્યની પ્રસ્તુતિ માટે પ્રાણીઓનાં ચામડા ઉપયોગમાં લેવા પડે તે એક મનોવિકૃતિથી વિશેષ કંઇ નથી

## વન્યસૃષ્ટિ પરિચય
### માનવોની પશુ ક્રૂરતા

- હેમંત સુથાર

તમે કોઇ જ ગુનો કે ભૂલ ન કરી હોય તેમ છતાં તમને કોઇ કાળ કોટડીમાં પુરી રાખવામાં આવે. ખાવા-પીવાનું ટટળાવીને બીજાની મરજીથી અપાય. ઊંઘવા - આરામ કરવા કે હરવા-ફરવાં માટેની સ્થિતિમાં ન હોય, તમારા કુટુંબ કે મિત્રોનો અભાવ હોય ત્યારે તમને કેવું લાગે? અને હા. આ બધામાં જીવન-મરણનો કોઇ જ ભરોસો ન હોય.


આવી જ સ્થિતિ મનુષ્યો દ્વારા લેબોરેટરી, અભ્યાસ, સંશોધન કે મનોરંજન માટે વપરાતાં પ્રાણીઓની જાતિઓની હોય છે. તેમાંય માનવ શરીર કે જનીન બાબતે સમાન ગુણો ધરાવતાં પ્રાણીઓની જાતિઓ માટે તો માનવ જેવા લક્ષણો હોવા એ મોટો ગુનો બની ગયેલ છે.

ઉંદરો, ઘુસઉંદરો, સસલાંઓ અને માંકડા જેવા પ્રાણીઓનાં જમીન ૯૦ થી ૯ ટકા માનવીય જનીનોને મળતાં આવે છે એ આ જ લક્ષણો તેના માટે મોતનું કારણ બને છે.

પ્રયોગો માટે વપરાતાં આવા પ્રાણીઓનાં અંગો કાપવા, વીજળીના કરંટ આપવા, ઝેર આપવા, હાનિકારક રસાયણો આપવા, નશાકારક પદાર્થો આપવા, ભૂખે રાખવા, ઘેનમાં રાખવા, બેભાન કરવા જેવા અગણિત દર્દનાક રસ્તાઓ અપનાવાય છે. સમગ્ર વિશ્વમાં પ્રતિ વર્ષ ૫૦ થી ૧૦૦ કરોડ પ્રાણીઓ આવા વિવિધ પ્રયોગોમાં વપરાય છે. એક અભ્યાસ પ્રમાણે વર્ષ ૨૦૦૧માં ફક્ત અમેરિકામાં પ્રતિ વર્ષ ૮ કરોડ ઉંદરો આવા પ્રયોગો માટે વાપરવામાં આવતાં હતા.



લેબોરેટરી પ્રયોગોમાં વપરાતાં પ્રાણીઓની યાદી ઘણી લાંબી છે. તેમાં પ્રાઇમેટસૂ જેવા કે (વાંદરા, માંકડા, બબૂન, ચીમ્પાન્ઝી, ઉરાંગ-ઉટાંગ વગેરે) ઉપરાંત ઉંદરો, સસલાં, ડુક્કરો, છછુંદૂરો, પક્ષીઓ, માછલીઓ, કૂતરા, બિલાડીઓ, દેડકાઓ વગેરે મોટી સંખ્યામાં ઉપયોગમાં લેવાય છે. જેમાં યુનિવર્સિટીઓ, મેડિકલ સ્કૂલો, દવા કંપનીઓ, સંરક્ષણ સંસ્થાઓમાં જિનેટીકલ, બાયોલોજી, વર્તનશાસ્ત્ર, બાયોમેડિકલ સંશોધનો, કોસ્મેટીક પેદાશોનાં સંશોધનો, શિક્ષણ, ઉછેર, સંરક્ષણ સંબંધિત બાબતો માટે આ પ્રાણીઓની મોટા પ્રમાણમાં હત્યા કરવામાં આવે છે.



અમેરિકાના સંરક્ષણ વિભાગના એક અહેવાલ પ્રમાણે દુશ્મનો સામે લડવા માટેની કેમિકલ વેપન્સ લડાઇ માટેના પ્રયોગો માટે એક વર્ષમાં પ્રાઇમેટસૂ, કૂતરા, બકરાં, ઘેટા, સસલાં, બિલાડીઓ જેવા ૩,૪૨,૦૦૦ જેટલા પ્રાણીઓ ઉપયોગમાં લેવાયા હતા.

પ્રાણીઓ પર અન્ય હેતુઓ માટે થતાં અત્યાચારો જોઇએ તો, વિશ્વમાં પ્રતિ વર્ષ ૪ થી ૫ કરોડ જેટલાં રૂંવાટીવાળી - ફરવાળી ચામડી ધરાવતાં પ્રાણીઓનો શિકાર કરીને તેમની ચામડીના જેકેટ, પાકીટ, પટ્ટા વગેરે બનાવીને ફેશન માટે પહેરવામાં આવે છે. પોતાના સૌંદર્યની પ્રસ્તુતિ માટે પ્રાણીઓનાં ચામડા ઉપયોગમાં લેવા પડે તે એક મનોવિકૃતિથી વિશેષ કંઇ નથી. જેના કારણે વાઘ દીપડા, વરૂ, શિયાળ, લોંકડી, સસલાં, વણીયર, નોળિયા, મગર જેવા જીવો ચામડા માટે મરાય છે.

વિશ્વમાં પ્રતિવર્ષ ૧૪૦ અબજ જેટલા પ્રાણીઓ એટલે કે આજની માનવ વસ્તીના પાંચમા ભાગના પ્રાણીઓને માનવો મારી ખાય છે. વર્ષ ૨૦૦૯ની એક ગણતરી પ્રમાણે યુનાઇટેડ કિંગડમમાં ૬ કરોડથી વધુ લોકો પ્રતિવર્ષ ૨.૫ અબજ જેટલા પ્રાણીઓ ખાઇ જાય છે. ૯૦ કરોડ જેટલી મરઘીઓ, ૩ કરોડ જેટલાં ઘેટાં, ડુક્કર, જેવા પ્રાણીઓ ત્યાંના કતલખાનાઓમાં દર વર્ષ કપાય છે.

વિશ્વમાં ૧૫૦ કરોડ ટન દરિયાઇ માછલીઓ અને ૮ કરોડ ટન જેટલી પેદા કરેલી સાલમોન માછલીઓ ખોરાકમાં માટે વપરાય છે.

વિશ્વમાં કુલ ૧૦,૦૦૦ થી વધુ પ્રાણી સંગ્રહાલયો છે. જેમાં ૫૦ લાખથી વધુ પ્રાણીઓ પાંજરાઓમાં પુરાયેલી બંધનાવસ્થામાં છે.

આ પ્રાણી સંગ્રહાલયો પૈકી ૧૨૦૦ પ્રાણી સંગ્રહાલયો ભય હેઠળની જાતિઓના ઉછેર માટે તથા વન્યજીવોના સંરક્ષણની જાતિઓના ઉછેર માટે તથા વન્યજીવોનાં સંરક્ષણ હેતુથી રજિસ્ટર થયેલ છે. જયારે બાકીનાં ૮૮૦૦ જેટલા પ્રાણી સંગ્રહાલય પ્રાણીઓનાં રક્ષણ પુરાયેલા ૫૦ લાખ પ્રાણીઓ પૈકી ફક્ત ૧૦,૦૦૦ જેટલા પ્રાણીઓ તેમના રક્ષણ હેતુથી રખાયેલો છે. બાકીના બધા મનોરંજન તથા અન્ય હેતુથી માનવીય ત્રાસ ભોગવી રહ્યાં છે.

ચીનના બાદલ ટીયરીંગ સફારી પાર્કમાં મુલાકાતી પ્રેક્ષકો મરઘી અને બકરાંને સિંહના પાંજરામાં નાખીને સિંહ દ્વારા થતો જીવંત શિકાર જોઇ શકે છે.

કૂકડા, આખલા, ઉંટ, કૂતરા, તેતર, કૂતરા સામે રીંછ વગેરેની લડાઇઓ માનવો પોતાના મનોરંજન માટે કરાવે છે. જે એક હિંસક મનોરંજનનું માધ્યમ બને છે. અમેરિકામાં પ્રતિ વર્ષ ૨૫ કરોડ જેટલાં પ્રાણીઓનો શિકાર રમતગમતના ભાગરૂપે કરવામાં આવે છે. અહીંયા રેસમાં ૮૦૦ જેટલા ઘોડા પ્રતિ વર્ષ રેસ દરમિયાન અકસ્માતને કારણે મૃત્યુનો ભોગ બને છે.

પોતાની સુખ-સગવડો માટે માનવો દ્વારા અન્યજીવોને થતી હાનિ કેટલા મોટા પ્રમાણમાં છે, તે જોતાં જણાઇ આવે છે કે આ પૃથ્વી પર માનવથી વધુ હિંસક કોઇ પ્રાણી નથી. પૃથ્વીની ઉત્પત્તિથી લઇને વિવિધ જીવોની ઉત્પત્તિ અને અંતે માનવીની ઉત્પત્તિના જુદા જુદા સમયકાળમાં માનવોની ઉત્પત્તિ પછીનો સમયકાળ પૃથ્વી પરના તમામ પ્રકારના જીવો માટે કેટલો ભયજનક અને જીવના જોખમજનક બની રહ્યો છે. શું માનવીઓ ઉત્પત્તિ આ પૃથ્વીના અન્ય જીવો માટે શુભ કહી શકાય તેવી છે?

- hmtsuthar@gmail.com

# સૂર્યના પ્રકાશમાં જેમ પ્રકૃતિ પાંગરે છે તેજ રીતે અંતરાત્માના પ્રકાશમાં જીવનનું સાચું સુખ સોળે કળાએ ખીલી ઉઠે છે

## 'હથોડી અને ટાંકણું'

- હર્ષદરાય ઉપાધ્યાય

એક મોટા કિલ્લામાં એ વૃધ્ધ પોતાના પરિવાર સાથે રહેતો હતો. કિલ્લાનો માલિક હોવા છતાં પરિવાર અત્યંત દુઃખી હતો. કેમ કે, તેમની પાસે બે ટંકનું અનાજ પણ ન હતું. કિલ્લાની દિવાલોમાં પૂર્વજોએ મૂલ્યવાન ધન દાટેલું હતું. પરંતુ આ પરિવારને ખબર ન હતી. આમ વિપુલ ધનભંડારની નજીક છતાં વાત ન જાણતા હોઈ તેઓ ખૂબ દુઃખમાં હતા. માણસનું કાંઈક આવું જ છે. જેમાંથી સાચું સુખ અને આનંદ મળે તેવું આસપાસ જ હોવાં છતાં અવલોકનનો અભાવ તથા ઓળખશક્તિના અભાવે ભોગવી શકતો નથઈ. ખરું સુખ સસ્તુ હોવા છતાં નકલી સુખ મેળવવા મોટી કિમત આપણે ચૂકવતા હોઈએ છીએ. દુઃખી માણસના આંખનું એક આંસુ પણ લૂછનાર અને એકાદ સ્મિત આપનારનો અંતરનો આનંદ માણવા જેવો છે. એક વ્યક્તિએ કહ્યું કે મેં જીવનમાં સૌથી વિશેષ આનંદ એક વખત અનુભવ્યો છે કે જયારે ભાડું ન ભરી શકવાથી એક વિધવા પોતાનો સામાન વેચતી હતી અને મેં ભાડું ચૂકવી વિધવાનો સામાન વેચાતો અટકાવ્યો હતો.

સૌ કો સાચા સુખની શોધમાં છે. સુખ અને આનંદ એ સર્વ કાર્યનું અંતિમ લક્ષ્ય છે. પરંતુ આપણે સુખને શોધીએ છીએ તે દિશા ખોટી છે. કોઈક ઉપર, કોઈક નીચે, કોઈક પૈસામાં તો કોઈક ઈન્દ્રિય સુખમાં સુખ શોધે છે. પરંતુ ખરી જગાએ તો તે જોતો જ નથી. પરિશ્રમમાંથી આરોગ્ય અને આરોગ્યમાંથી જ આનંદ પ્રાપ્ત થાય છે.

થેકરે કહ્યું છે કે જયારે તે બાળક હતો ત્યારે એક રમકડું ૧ ડૉલરનું હોઈ તે ખરીદીને રમી ન શક્યો. પરંતુ તે મોટો થઈ અમીર બની સહજતાથી તે રમકડું ખરીદી શકતો હતો. ત્યારે તેને તે રમકડાંની જરૂર ન હતી. બસ આવું જ દરેકનું છે. સુખ ભોગવવાનો સમય આવે ત્યારે તે ભોગવવાની શક્તિ નાશ પામી ચૂકી હોય છે.

એક રાજાને ચેન પડતું ન હતું. કોઈકે સલાહ આપી કે પૂર્ણ સુખી માણસનું પહેરણ પહેરવું જોઈએ. રાજાએ બધે તપાસ કરી પરંતુ એવું કોઈ મળ્યું નહીં. અંતે એક મજૂર મળ્યો કે જે સંપૂર્ણ સુખી હતો. પરંતુ તેની પાસે પહેરણ જ ન હતું. આમ સુખની અનુભૂતિ અનોખી હોય છે.

માણસ પોતાની પાસે જે નથી તેનાથી જ દુઃખી છે. પરંતુ જે છે તેને ભોગવે અથવા તેટલાથી સંતોષ માને તો તેના જેટલો સુખી બીજો કોઈ નથી. ઘણા માને છે કે સાચું સુખ પૈસામાં છે પરંતુ શું ધનવાન વ્યક્તિ સાચે સુખી હોય છે ખરી? જવાબ મળશે ના. કારણ કે કદાચ ધન જ વ્યક્તિ માટે દુઃખ રૂપ હોય છે. સુખનો શ્વાસ પણ તે આલિશાન મહેલમાં લઈ શકતો નથી. પૈસાથી મેવા મીઠા જ ખરીદી શકાય પરંતુ ભૂખ નહીં. પૈસાથી બંગલો બનાવી શકાય પણ ઘર નહીં. પૈસાથી વિશાળ અદ્યતન બેડરૂમ બનાવી શકાય પણ ઊંઘ નહીં.

પૈસો એ આળસ નામના પર્સમાં રહે છે. અને આળસ એ જીવતાં મનુષ્યની કબર સમાન છે. દરેકને સહેજ વધારેની ઝંખના હોય છે. ઘરમાં દરેકને એક ઓરડો ખૂટે છે. સહેજ વધારે જગ્યા, સહેજ વધારે સત્તા, સહેજ વધારે રૂપિયા, સહેજ વધારે સફળતા 'સહેજ વધારે' ની લાહ્યમાં મૃગજળ પાછળ દોડતા હરણની જેમ અંતે દુઃખ જ પ્રાપ્ત થાય છે. અંતે થાક અને નિરાશા જ સાંપડે છે.

સૂર્યના પ્રકાશમાં જેમ પ્રકૃતિ પાંગરે છે તેજ રીતે અંતરાત્માના પ્રકાશમાં જીવનનું સાચું સુખ સોળે કળાએ ખીલી ઉઠે છે.

માણસને જો પોતાની શક્તિઓ, પોતાના ધ્યેય અને પોતાની પવિત્રતા ઉપર શ્રધ્ધા હોય એ તેને આધારે જીવન જીવવાનો આગ્રહ રાખે તો સુખ અને આનંદ સહજ થઈ પડે.

કસ્તુરી મૃગની માફક સાચું સુખ અને આનંદ મેળવવા માણસ સર્વત્ર ફાંફાં મારે છે. પરંતુ ખરેખર તો તે સુખ અને નિર્દોષ આનંદ તેની ભીંતર જ સમાયેલાં હોય છે. માત્ર એક જ વિશ્વાસુ પ્રયાસની જરૂર છે.

વિશ્વમાં સર્વત્ર આનંદ જ છવાયેલો છે. આપણી જોવાની રીત અલગ અલગ હોય છે. લીલા ચશ્મા પહેરવાથી બધું લીલું દેખાય છે અને મેશવાળા ચશ્માથી સૌ ધૂંધળું ભાસે છે.

ચિંતાનાં વાદળો છવાયેલા રાખવાથી અને જીવનમાં કદી નથી આવવાનાં એવાં દુઃખો અને ભયથી વ્યાકુળ માણસ બધે ભયનાં દર્શન કરે છે. તે ભયભીત અને શોકાતુર હોય છે અને સુંદર ખડકો પવન - વરસાદના મારથી જેમ બેડોળ આકાર ધારણ કરે છે.

એક ખેડૂત હંમેશા પોતાના ગજવામાં ફળાઉ વૃક્ષોનાં બી રાખતો અને ખેતરમાં કે સીમમાં જયાં જગા મળે ત્યાં તે વિખરેતો. પરિણામે ભવિષ્યમાં તે વિપુલ વૃક્ષોનો માલિક બની સુખી બન્યો. માણસ પાસે માયાળુ શબ્દો છે જ. જરૂર છે માત્ર તેને છૂટથી બોલવાની. માયાળુ શબ્દો સૌને આનંદ આપે છે અને વળતો તે આનંદ આપણને સુખ આપે છે. સુખ-આનંદ એ મુશ્કેલ શોધ નથી, તે તો સહજ સરળ પ્રાપ્ત થાય છે, જરૂર છે માત્ર નિર્મળ પ્રયત્નની.

બી પોઝીટીવ થીંકીંગ એ સુખની કદાચ ચાવી છે. બધેથી સારું જ જુઓ. પગ તૂટે તો ખુશ થજો કે હાશ મારી ગરદન તૂટી નથી.

બે બાબતો માટે દુઃખી ન થવું જોઈએ. એક તો એ કે તમારાં 'બસમાં' થી અને બીજી કે જે તમારાં કાબુમાં છે.

તમે ત્યાં સુધી સુખી નથી જયાં સુધી તમે તમારી જાતને સુખી માનો. અને જયાં સુધી તમે તમારી જાતને દુઃખી માનશો નહીં ત્યાં સુધી તમને દુઃખ સ્પર્શી પણ શકશે નહીં.

તો ચાલો વિચારો. તમે કેવા છો? બાજી તમારામાં હાથમાં છે.

**યાદ રાખજો :-**

નિરાશાવાદી માટે બે રાતની વચ્ચે એક દિવસ હોય છે જયારે આશાવાદી માટે બે દિવસની વચ્ચે એક જ રાત.

સારો માણસ એક પળમાં સમગ્ર જીવનનું સુખ મેળવી જાય છે પરંતુ ખરાબ માણસ સમગ્ર જીવનમાં એક પળ જેટલું જ સુખ મેળવી શકતો નથી.

minu_hc@yahoo.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૧૨મી ઓગષ્ટ



- મહાન વિજ્ઞાની ડો. વિક્રમ સારાભાઇનો જન્મ ૧૨-૮-૧૯૧૯.

'કોસ્મિક રે ઇન્વેસ્ટિગેશન ઇન ટ્રોપિકલ લેટિટ્યૂડઝ' વિષય પર મહાનિબંધ લખ્યો. થુમ્બાના વિષયવૃત્તિય રોકેટ મથક, અમદાવાદમાં અવકાશ વિજ્ઞાન કેન્દ્રની સ્થાપનાના તેનો હિસ્સો મહત્વનો હતો. પદ્મભૂષણ, શાંતિસ્વરૂપ, ભટનાગર ચંદ્રક તેઓને મળ્યા.

- આજનો દિવસ 'વિજ્ઞાનોત્સવ' દિવસ તરીકે ઉજવાય છે.
- પ્રસિધ્ધ ગુજરાત સાહિત્યકાર ચુનીલાલ મડિયાનો જન્મ - ૧૯૨૨.
- ૧૨૨૭ માં ચંગીઝખાનનું અવસાન થયું.
- શ્રી કરસનદાસ લુહારનો જન્મ ૧૯૪૨.
- થોમસ એડિસન -



મહાન વૈજ્ઞાનિકે ગ્રામોફોનની શોધ કરી.

# મેટરનીટી બેનીફીટ એક્ટ ૧૯૬૧ની સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

કામકાજ કરતી પરણીત મહિલા જયારે ગર્ભવતી બને છે ત્યારે તેની મુખ્ય સમસ્યા કામ પરથી / નોકરી ઉપરથી રજા મળશે કે નહીં તેની હોય છે. તેમજ જો આથી રજા મળશે તો પગાર કપાતથી મળશે એટલે કે સવેતન રજા મળશે કે કેમ? જે અંગે પ્રસૂતિ ધારો ૧૯૬૧ પસાર કરવામાં આવ્યો છે. અને સમગ્ર ભારતમાં આ કાયદા લાગુ પડે છે.

મહિલાને બાળકના જન્મ પૂર્વે અને ત્યાર પછી નોકરીમાં રક્ષણ અને નોકરીનાં સ્થળે મળતા લાભ આપવાના હેતુસર આ કાયદો ઘડવામાં આવ્યો છે.

આ એક્ટ મુજબ મહિલા ખરેખર જેટલા દિવસો રજા ઉપર રહે તે દિવસોનો પગાર અને સરેરાશ વેતન દર માલિકે ચૂકવવાનો રહે છે.

આ કાયદો ખાણ, કારખાના, ફેક્ટરી, પ્લાન્ટેશનની દરેક સંસ્થાને લાગુ પડે છે. આ જગ્યાએ કામ કરતી સ્ત્રી જયારે સગર્ભા બને છે. ત્યારે બાળકના જન્મ પૂર્વે અને તે પછી મળતા લાભ આપવાના હેતુથી અમલમાં મુકવામાં આવ્યો છે. આ કાયદો રોજિંદા વેતનથી કામ કરતી સ્ત્રીને પણ લાગુ પડે છે.

આ કાયદો એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ એક્ટ લાગુ પડતો ના હોય તેવી ખાણો, બગીચાઓ, ફેક્ટરીઓ, વગેરેને લાગુ પડે છે. જે અનુસાર સ્ત્રી કામદાર બાળકને જન્મ આપે તે પછી કે તેને સુવાવડ થાય તે પછી છ અઠવાડિયા સુધી માલિક સરેરાશ વેતન ચૂકવી રજા આપવી પડે છે. આ દરમિયાન મહિલા કામદાર કે કર્મચારીને છૂટા કરી શકાતા નથી એટલે કે છ અઠવાડિયા સુવાવડ પહેલાં અને છ અઠવાડિયા સુવાવડ પછીનો સરેરાશ પગાર માલિકે ચુકવવો પડે છે. જો આમ કરવામાં કસૂર કરે તો યોગ્ય રકમની દંડ અને સજાની જોગવાઇ કાયદામાં કરવામાં આવેલ છે.

પ્રસૂતિના છ અઠવાડિયા પછી કામ ઉપર હાજર થનાર મજૂર કે કામદાર, કર્મચારી મહિલાને ભારે શ્રમવાળુ કે શારીરિક કષ્ટ આપતું કામકાજ આપી શકાશે નહીં. લાંબા સમય સુધી ઊભુ રહેવું પડે તેમ હોય અથવા સગર્ભાવસ્થાને કે ગર્ભના સામાન્ય વિકાસને કોઇ પણ રીતે હાનિ થાય કે કસુવાવડનું કારણ બને અગર તો સ્વાસ્થ્યને પ્રતિકૂળ અસર પડે તેવું કામ કરવાની તેના માલિક નિર્દિષ્ટ કરેલ સમય દરમિયાન ફરજ પાડી શકે નહીં.

પ્રસૂતિ સ્ત્રીને મળવાપાત્ર રોકડ ભથ્થા, મોંઘવારી ભથ્થુ, મકાન ભાડા ભથ્થાનો સમાવેશ થાય છે.

આમ મહિલાઓને કામના સમયે સ્થળે મેટરનીટી બેનીફીટ એક્ટનો લાભ મળતો હોય છે. અને એ રીતે પોતાના મળનાર લાભનો ઉપયોગ કરવો લાભનો અધિકાર મેળવવો એ દરેક પ્રસૂતા સ્ત્રીનો અધિકાર છે.

મહિલાને ચૂકવવા પાત્ર પેન્શન ફંડ અથવા પ્રોવિડંડ ફંડની ફાળાની રકમ અને નોકરીનો અંત આપવાનાના કારણે ચૂકવવા પાત્ર કોઇ પણ ગેજ્યુઇટીનો સમાવેશ આવા લાભોમાં થાય છે.

સ્ત્રી સગર્ભા બને ત્યારે તે સ્વસ્થ સ્વાસ્થ્ય ધરાવતું બાળક આપે તો સામાજિક વિકાસમાં આવું બાળક સહભાગી બને છે. દરેક જન્મનાર બાળક એ આવતીકાલનું ભવિષ્ય છે. જો સગર્ભાવસ્થામાં તેનું લાલન પાલન બરાબર જન્મશે જેનો લાભ સમાજ દેશને થશે.

ભારતમાં બાળવિવાહનું પ્રમાણ વધારે છે. રાજસ્થાન, બિહાર, મધ્યપ્રદેશમાં સ્ત્રી મજૂર દરનું પ્રમાણ વધારે છે. આવા રાજયમાં સ્ત્રી / મજૂર કામદાર સગર્ભા મહિલાનું શોષણ ના થાય તેમને પૂરતા લાભો મળે તે માટે ભારત સરકારે મેટરનીટી બેનીફીટ એક્ટ ૧૯૬૧ દ્વારા કાયદાનો અમલમાં મૂકાવ્યો છે. જેનો ભંગ કરનાર માલિકે સજા અને દંડ બંને ભોગવવા પડે છે.